Process Safety Beacon
Messages for Manufacturing Personnel
www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance
CCPS Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# પ્રાથમિક નિયંત્રણ ગુમાવનારી ઘટનાઓ (LOPC) અકસ્માત શરૂ કરે છે

ડીસેમ્બર ૨૦૨૫


Corrosion Under Insulation (CUI)
Take care of the insulation in your plant to prevent corrosion!

જાન્યુઆરી ૨૦૧૪


How do you know your safety devices are working?
Inspect and test your safety systems to be sure they work!

ઓક્ટોબર ૨૦૨૧


Wrong material + Wrong tank = Trouble
Manual chemical transfers require accurate procedures that are consistently followed!

મે ૨૦૨૩

પ્રક્રિયા સલામતીના અકસ્માતો તમામ કદના ઓપરેશનમાં, પેટ્રોકેમિકલ ઉદ્યોગોમાં અને રસાયણોનું સંચાલન કરતી ઘણી અન્ય કામગીરીમાં થાય છે. ઘણા પ્રક્રિયા અકસ્માતો માં એક વસ્તુ સમાન છે; તે લોસ ઓફ પ્રાઇમરી કન્ટેઈનમેન્ટ (LOPC) ઘટનાથી શરૂ થાય છે. <u>અહીં ભૂતકાળના 3 બીકોન્સ દર્શાવેલ છે જે આ હકીકત દર્શાવે છે:</u>

કાટ LOPC નું છુપાયેલું કારણ હોઈ શકે છે. જાન્યુઆરી 2014 બીકોન બતાવે છે કે ઇન્સ્યુલેશન હેઠળ કાટ (CUI- Current Under Insulation) કેવી રીતે છુપાઇ ને રહી શકે છે અને કાટ માં વધારો થવા માટેનું કારણ બની શકે છે. (https://ccps.aiche.org/resources/process-safety-beacon/archives?page=3)

પાઇપિંગ અને સાધનોનું નબળું આઇસોલેશન LOPC ઘટનાઓ વારંવાર થવા માટે નું કારણ બને છે. ઓક્ટોબર 2021 નું બીકોન એક એવી ઘટનાને આવરી લે છે જ્યાં નબળા આઇસોલેશનથી 2 લોકો જીવલેણ રીતે ઘાયલ થયા હતા. (https://ccps.aiche.org/resources/process-safety-beacon/archives?page=2)

અસંગત મટીરીયલના મિશ્રણને કારણે પણ જોખમી મટીરીયલનું પ્રકાશન થઈ શકે છે. મે 2023ના બીકન એક ઉદાહરણ દર્શાવે છે કે ટાંકીમાં ખોટા મટીરીયલો ઉમેરવાથી ભારે અસરો થઈ શકે છે. (https://ccps.aiche.org/resources/process-safety-beacon/archives?page=2)

## શું તમે જાણો છો ?

- લોસ ઓફ પ્રાઇમરી કન્ટેઈનમેન્ટ માં નુકસાન એ પ્રાથમિક નિયંત્રણમાંથી મટીરીયલનું બિનઆયોજિત અથવા અનિયંત્રિત પ્રકાશન છે.
- પ્રાથમિક નિયંત્રણના નુકસાનની ઘટનાઓમાં ઘણીવાર ચેતવણી ચિહ્નો હોય છે જેમ કે ગંભીર કાટ અથવા જોખમી સેવામાં ટર્મિનલ વાલ્વ બંધ હોવા અથવા પ્લગ ન હોવા.
- LOPC ઉપર દર્શાવેલ પરિબળો સિવાયના ઘણા પરિબળોને કારણે થાય છે જેમ કે: વાહન અથડાવું, યાંત્રિક નુકસાન, કંપન, ખોટી કામગીરી, બાંધકામની ખોટી સામગ્રી, તાપમાન અથવા દબાણમાં ફેરફાર તથા અન્ય.
- ક્ષતિગ્રસ્ત ઇન્સ્યુલેશન પાણીને ઇન્સ્યુલેશનમાં પ્રવેશવા દે છે અને CUI નું કારણ બની શકે છે;
- LOPC ઘટનાઓ અટકાવી શકાય છે!

## તમે શું કરી શકો ?

- પ્લાન્ટ રાઉન્ડ લેતી વખતે લીક પર નજર રાખો અને તાત્કાલિક તેની જાણ કરો.
- લીક થતું મટીરીયલ જ્યાં સુધી ઓળખાય નહી અને લીક બંધ ન થાય ત્યાં સુધી લીકની આસપાસ બેરિકેડ મૂકો.
- ગુમ થયેલ અથવા ક્ષતિગ્રસ્ત ઇન્સ્યુલેશનની જાણ કરો.
- એક જ જગ્યાએ અથવા સમાન મટીરીયલ સાથે થતા લીકને ઓળખી કાઢો. તે સિસ્ટમમાં નબળા બિંદુ અથવા મોટી સમસ્યા સૂચવી શકે છે.
- પ્રક્રિયા જોખમ વિશ્લેષણ (PHA) દરમિયાન LOPC ઘટનાઓ શેર કરો.

**LOPC અટકાવો - જોખમી મટીરીયલને યોગ્ય જગ્યાએ રાખો!**

©AIChE 2025. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or +1 646-495-1371.